## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

ઈચ્છાનો એકવાર તો અંજામ આવશે,
સંઘર્યો હશે જો સાપ, તને કામ આવશે.
પડખાં ઘસીઘસીને મને સત્ય સાંપડ્યું-
કપરા સમયમાં પડખે ફક્ત રામ આવશે.

- ભરત ભટ્ટ 'પવન'

### પાથેય

- રમેશ ઠક્કર

## એષણાઓનો અંજામ

કોઈપણ ઘટના કે પ્રસંગનો અંત તો હોય જ છે..ગંતવ્ય વગરનો કોઈ ગણતરી ના હોઈ શકે..સફર છે તો એનો મુકામ હોઈ શકે..રળિયામણું પરોઢ છે તો સંધ્યાનો સમાપન વૈભવ પણ હશે જ..જીવન છે તો મૃત્યુ પણ અવશ્ય છે જ..એ જ રીતે એષણાઓ છે તો ક્યારેક એનો પણ અંત હશે જ..! એવું કહેવાય છે કે માણસની ઈચ્છાઓનો કોઈ છેડો જ નથી હોતો..માણસનું મન એ કોઈક કદાવર કારખાનું હોય એમ જુદીજુદી ઈચ્છાઓ એમાંથી પેદા થતી જ રહે છે..માણસ એની પૂર્તિ માટે મથામણ કરતો રહે છે..પોતાના મનમાં કેટકેટલું ભરતો રહે છે..કોઈ ઈચ્છા અધૂરી ના રહી જાય એની સતત તાલાવેલી એને સતાવતી રહે છે..કઈ વસ્તુ કયારે કામ આવી જશે એની કદાચ આપણને કલ્પના નથી હોતી..આપણે ઈચ્છાઓની સાથે ઘણીવાર એના ઉપકરણો પણ છોડતા રહીએ છીએ..એષણાઓના સંપૂર્ણ દેશવટા પછી પણ એકાદ અડીખમ સંકલ્પ ક્યારેક કામ આવી જતો હોય છે..! કહેવાય છે ને કે સંઘરેલો સાપ પણ કામમાં આવે..

મોટાભાગની આપણી ઈચ્છાઓનું બાળમરણ થઈ જતું હોય છે..જન્મમરણનો રેશિયો જો સંકલ્પોના સંદર્ભમાં જોવામાં આવે તો ચોંકી જવાય..કેટલા સંકલ્પો એની ગર્ભાવસ્થામાં જ દબાઈ જાય છે..અધૂરા અરમાનો સાથે જીવતો ના હોય એવો એકાદ જણ પણ પૃથ્વિના પટ ઉપર શોધવો મુશ્કેલ છે..માણસ સતત એક અતૃપ્તિ સાથે જીવતો રહે છે..એ ધારે છે કંઈક અને નિયતિ એને નવાજે છે કોઈક અલગ રીતે..ઈચ્છાથી નીકળતો માણસના મનોરથોનો કાફલો અટકળ બનીને અટકી જાય છે..એને ખબર નથી પડતી કે આખરે તૃપ્તિ કઈ ચીજમાં છે..પડખાં ઘસીને ઉંઘ પ્રાપ્ત કરવાનો નિરર્થક પ્રયત્ન સહુ કરતા રહે છે..જીવનની વિટંબણાઓમાં જગત કામ લાગતું નથી એ વખતે ફકત જગતનો નાથ એટલે કે રામ જ કામ લાગતો હોય છે !

આપણી હયાતી આપણને અનેક અવનવા મુકામ ઉપર લઈ જાય છે. આપણો અનુરાગ આપણી ઉપર સવાર થઈ અવનવી દિશાઓ તરફ દોટ મુકાવે છે..મૃગજળને માપવા મથતા મૃગ જેવી મનોદશામાં માણસ મથતો મથતો મરવા સુધી પહોંચી જાય છે..જીવનની ખેપ એ નર્યો થાક કે સંતાપ જ હોય એવું એ અનુભવે છે..જે સુખોની પ્રાપ્તિ માટે મોંઘવારી જવાની કે કિંમતી વરસો બગાડયાં હોય એ બધું જ ગુમાવ્યા પછી જે મળે છે એ આનંદ તો નથી જ હોતો એને એક આભાસ હોય છે જાણે ! આવા ભ્રમનિરસન પછી ભયભીત થયેલા માણસનું ભાગ્ય ભગવાન જ હોઈ શકે એ સ્વાભાવિક છે..અને એટલે જ કહેવાય છે કે દુઃખમાં યાદ આવે એ દેવ..!

જીવનની સમી સાંજે જે જ્ઞાન પ્રાપ્ત થાય છે એ જો આરંભે સમજાઈ જાય તો ? આ પ્રશ્ન ઉપર જ ઈચ્છાઓનો આખો કારોબાર રહેલો છે ! આ વાત આપણને કવિ કે સંત જેવા લોકો સારી રીતે સમજાવી જાય છે..એટલા માટે નહીં કે એ લોકો તૃપ્ત થઈ નિર્વિકાર થઈ ગયા હોય છે..પરંતુ એવા લોકો કશુંક રહસ્ય પામી ગયા હોય છે એ કારણે એમની પાસે એક સમાધાન હોય છે..આપણે જો ધારીએ તો જગતમાં જીવી ગયેલા અગણિત લોકોના જીવનના સ્કેચ જોઈ શકીએ..શાશ્વત સત્યની માફક જ શાશ્વત સુખ પણ હોય છે..આપણી અવિરત ઈચ્છાઓની એકાદી આવી પૂર્તીને સમજવા પૂરતી હોય છે..! એ સિવાય આડેધડ પરિતૃપ્ત થવાનો દાવો કરાતી હોય એવી એષણાઓ ફકત વાસનાઓ કે વસવસો જ હોય છે!

# શાસક હિંદુત્વવાદી પાર્ટી માટે ગળાની ફાંસ

**તંત્રીસ્થાનેથી...**

વર્ષોથી ભારતીય જનતા પાર્ટી કાશ્મીરી પંડિતોની હિજરત અને નરસંહારનો મુદ્દો ઉઠાવતી રહી છે. ચૂંટણી વખતે આ મુદ્દો હિંદુત્વની રાજનીતિને ધાર કાઢનારો બની રહે છે. છેક શ્યામાપ્રસાદ મુખરજી અને દીનદયાળ ઉપાધ્યાયના શંકાસ્પદ મૃત્યુ સુધી લંબાતો આ પ્રશ્ન ભાજપ અને એના ધુરંધર નેતાઓ માટે હોટ કેક જેવો બની રહે છે. અટલ બિહારી વાજપેયી અને લાલકૃષ્ણ અડવાણી કરતાં પણ વધુ આક્રોશ અને ઉગ્રતાપૂર્વક ધરાવતા નેતા બલરાજ મધોક ઉઠાવતા રહ્યા છે. છેલ્લે કાશ્મીર પંડિતોની સામૂહિક કતલ અને હિજરત તો વી.પી. સિંહ વડાપ્રધાન તરીકે હતા અને જગમોહન ગર્વનર પદે હતા તે સમયે થઈ ગઈ હતી. જેમના શિરે કાશ્મીર પંડિતો પરના અત્યાચારનો દોષનો ટોપલો ઢોળી દેવાના હીન પ્રયાસો થતા રહ્યા છે તે શેર-એ-કાશ્મીર શેખ અબ્દુલ્લાના વારસ અને કાશ્મીરના સદાબહાર નેતા ડૉ. ફારુક અબ્દુલ્લા તો રામનું ભજન ગાતાં તલ્લીન થઈ જનારા લોકનેતા હતા. પરંતુ ભાજપ માટે કાશ્મીર ખીણમાં વર્ચસ્વ જમાવવામાં એ અને એમની નેશનલ કોન્ફરંસ પાર્ટી નડતાં હતા. વ્યૂહાત્મક રીતે એ શક્તિશાળી અને સૌમ્ય નેતા તથા એમના આશાસ્પદ વારસ અને પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાને સત્તાથી વંચિત કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ પીડીપી જેવી અલગતાવાદને પ્રોત્સાહન આપતી પાર્ટી સાથે ચૂંટણી ગઠબંધન થયું અને મહેબૂબા મુફતીના નેતૃત્વ હેઠળ ભાજપ સત્તાનો ભાગીદાર પક્ષ પણ બન્યો. જોકે મહેબૂબાની પ્રો-પાકિસ્તાની રાજનીતિથી કંટાળીને છેવટે ટેકો પાછો ખેંચી લેતાં જમ્મુ અને કાશ્મીરના રાજકારણમાં ઐતિહાસિક વળાંક આવ્યો. બહુ જ સિફત પૂર્વક કેન્દ્ર સરકારે જન્મુ અને કાશ્મીરને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં વહેંચીને ખેલ પાડી દીધો. કલમ ૩૭૦ અને ૩૫એ નાબૂદ થયા પછી કાશ્મીરમાં શાંતિ સ્થપાશે અને કેન્દ્ર સરકાર દ્વારા અપાયેલ વિશેષ સુવિધાઓનો લાભ લેવા દેશભરના ઉદ્યોગપતિઓ તથા સાહસિકો દોટ મૂકશે એવી આશા ઠગારી નીવડી છે. બધાના મનમાં એક છૂપો ભય પ્રવર્તી રહ્યો છે. કાશ્મીર ખીણ આખી જાણે સૈન્યના સકંજામાં હોય એવી છાપ ઊભી થઈ છે અને પાકિસ્તાન આ મુદ્દો સતત વૈશ્વિક કક્ષાએ ઉછાળતું રહ્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા જમ્મુ અને કાસ્મીરને દેશનાં અન્ય રાજયો સાથે એટ પાર લાવી દેવાની હિંમતભરી રાજનીતિ દેશની પ્રજાને અને કાશ્મીરી પંડિતો સહિત નિર્દોષ પ્રજાજનો - પછી તે મુસ્લિમ હોય કે શીખ અથવા ખ્રિસ્તી - સૌને ગમી હતી. પરંતુ પાકિસ્તાન માટે તો આ એક હાથવગું આંતરરાષ્ટ્રીય હથિયાર જ બની ગયું છે. પાકિસ્તાને એની ગંદીગોબરી પ્રોક્સિલડાઈ ચાલુ રાખી છે. આતંકવાદીઓએ શરુઆત પોલીસ અને સેના સાથે બાથ ભીડીને કરી અને એમાં એમનો સફાયો થતો રહ્યો એટલે છેલ્લે પંડિતો અને નિર્દોષ નાગરિકોને સોફ્ટ ટાર્ગેટ તરીકે નિશાન બનાવા લાગ્યા. પંડિતોની જઘન્ય સામૂહિક હત્યા અને હિજરત પર બનેલી ફિલ્મ 'કાશ્મીર ફાઈલ્સ'ને કેન્દ્ર સરકારે પ્રમોટ કરી એથી વાતાવરણ વધુ બગડ્યું છે. કાશ્મીરી પંડિતો કે જે હોંશે હોંશે પોતાની મૂળ ભોમકામાં જવા તૈયાર થયા હતા એ ફરી એકવાર હિજરત કરી રહ્યા છે. એક પછી એક કાશ્મીરી પંડિતોની હત્યાનો સિલસિલો ચાલુ છે. છેલ્લે એક શિક્ષિકાની હત્યા થયા પછી તો પંડિતોએ સરકારને સરકારી નોકરીમાંથી બદલી માગી જમ્મુ વિસ્તારમાં પોસ્ટિંગ માટેનું ચોવીસ કલાકનું આખરીનામું આપી દીધું હતું. હવે પંડિતો વધુ લોહી વહેડાવવા અને શહિદી વહોરવા તૈયાર નથી. એમને વર્તમાન તંત્ર પરથી ભરોસો ઉઠી ગયો છે. આના કરતાં તો અગાઉની સ્થિતિ વધુ સારી હતી એવી એક માનસિકતા કાશ્મીરી પંડિતોમાં દઢીભૂત થતી જાય છે. કેન્દ્ર સરકાર અને સ્થાનિક તંત્ર માટે આ મોટો ઉકેલ માગતો પ્રાણપ્રશ્ન છે. કાશ્મીરી પંડિત સરકાર અને શાસક પાર્ટી માટે હાલ પૂરતો તો ગળાની પાંસ બની રહ્યા છે. સરકાર મતવિસ્તારોનું નવસર્જન કરી રાજયને દરજ્જો આપશે એથી કાશ્મીરી પંડિતોનો પ્રશ્ન ઉકેલાઈ જવાનો નથી. હા, ત્યાં ભગવો જરૂર લહેરાવી શકાશે !

# સંસારની દરેક સ્ત્રી મારી માતા છે

**અમર વારસો**
**ડૉ. રશ્મિકાન્ત મહેતા**



સ્કન્દ એટલે કચડી નાખનાર - કુમાર - કાર્તિકેયે અસુર તારકને જનકલ્યાણ અર્થે કચડી નાખ્યો. એ સ્કન્દ કહેવાયા.

જેઠ સુધ છટ સ્કન્દ ષષ્ઠી છે. ત્યારે આ પરાક્રમી, પ્રેમાળ અને પરદુઃખભંજક કુમારનું પુણ્યસ્મરણ થાય છે.

'સ્કન્દષષ્ઠી' ને બે રીતે સમજાવી શકાય.

(૧) સ્કન્દ અને ષષ્ઠી - જેવી રીતે શિવપાર્વતી યુગલ - વાચક નામ છે - શિવ અને પાર્વતી - તેવી રીતે આ પણ યુગલવાચક નામ છે. ષષ્ઠી કાર્તિકેયની પત્ની. ખરેખર તો એ દેવરાજ ઈન્દ્રની પુત્રી. નામ એનું દેવસેના. પરંતુ દેવીઓના ક્રમમાં એ છઠ્ઠે સ્થાને હતી એટલે એનું નામ ષષ્ઠી થઈ ગયું. ક્રમ આ રીતે - લક્ષ્મી, સરસ્વતી, સાવિત્રી, દુર્ગા, રાધા અને દેવસેના. કાર્તિકેય અને દેવસેના - બંને એકદમ એકબીજાને અનુરુપ. સ્કંદ પરાક્રમ સ્વરુપ અને સષ્ઠી શક્તિ સ્વરુપા. બંનેને એકબીજા માટે અનહદ પ્રેમ. કાર્તિકેયની નીતિમત્તા ઉચ્ચ કક્ષાની. એ માનતા - 'ષષ્ઠી સિવાય સંસારની દરેક સ્ત્રી મારે માટે માતા સમાન છે.' એ ષષ્ઠીના પતિ હતા. ષષ્ઠી શક્તિ સ્વરુપા. એટલે કાર્તિકેયનું એક નામ શક્તિધર હતું. આ રીતે સ્કન્દ ષષ્ઠી સુયોગ્ય યુગલ વાચક નામ છે.

(૨) સ્કન્દની ષષ્ઠી - કુમારનો જનમ જેઠ સુધ છઠને દિવસે થયો. એટલે આ



તિથિ છઠ્ઠ સ્કન્દની ષષ્ઠી છે.

વજાંગ અને વરાંગી અસુર દંપતી હતા. એમને પુત્ર જન્મ્યો - તારક - એ યુવાન થયો એટલે દાનવોના આચાર્ય શુક્રાચાર્યે એનો રાજ્યાભિષેક કર્યો. હવે તપસ્યા શરૂ કરી. તપસ્યા ઉગ્ર બની. એટલે પ્રજાપિતા બ્રહ્મા પ્રસ્ન થયા. તારકે વરદાન માગ્યું. 'શિવજીનો પુત્ર મને શસ્ત્રથી મારે, તો જ મૃત્યુ થાય.' બ્રહ્માએ 'તથા અસ્તુ' કહી દીધું. તારકને એમ હતું. 'શિવજી' તો યોગેશ્વર છે. એ લગ્ન નહીં કરે. એટલે પોતાને કોઈ મારનારું નહિ હોય.' હવે એ નિરકંશ થઈ ગયો. મદમત્ત થઈ ગયો. ત્રણેય લોકને એણે રંજાડવાનું શરૂ કરી દીધું. પરંતુ એનો ઉપાય પણ થઈ ગયો.

દેવી પાર્વતી ભગવાન શંકરની પૂજા કરવા જતાં એનો શિવજીને પતિરુપમાં મેળવવા હતા. એણે પોતાના રૂપથી એમને જીતવાનો પ્રયત્ન કર્યો, પરંતુ એમાં સફળ ન થાયં. એટલે પોતાની ઉગ્ર તપસ્યાથી જીતી લીધા. ભગવાન શંકરને પતિરુપમાં મેળવ્યા. એમનાથી પુત્ર જન્મ્યો. એ હિમાલયના શરવનમાં જન્મ્યો. એથી એ 'શરજન્મા' કહેવાયા. એ શિશુસ્વરુપમાં હતા, ત્યારે એ કૃતિકાઓ ત્યાંથી પસાર થઈ. એમણે આના માટે માતૃ વાત્સલ્ય અનુભવ્યું. આ છયે માતાઓ સમાન ભાવે પયઃપાન કરાવી શકે એટલે કુમારે છ મુખ ધારણ કર્યા. ત્યારથી એ કાર્તિકેય કહેવાયા. ષડાનન કહેવાયા, બહુમાતર કહેવાયા.

કુમાર અવસ્થામાં જ એમણે દેવોની સેનાનું નેતૃત્વ કર્યું. તારકાસુરને પડકાર ફેંક્યો. ઘમંડી તારકે પડકાર ઉઠાવી લીધો. બંને વચ્ચે યુદ્ધ થયું. કુમલની સેના મોટી હતી. પણ એનો વિજય થયો ન હતો. શિવજીએ એના માટે 'તુલસીકવચ'ની રચના કરી. કુમારને આદેશ આપ્યો. 'તુલસીને હૃદયમાં રાખ. આ સ્તોત્રનો પાઠ કર અને પછી યુદ્ધ પ્રસ્થાન કર.' કુમારે આનું પાલન કર્યું. એ દિવસે તારકનો વધ કરી શક્યા અને કુમારનો વિજય થયો.

### દિન મહિમા

- વિશ્વ સાયકલ દિવસ

### આજનું ઔષધ

- બીજોરાનો રસ બરોળના અને લીવરના રોગોમાં ખુબ ફાયદાકરાક છે. કમળામાં એનુ શરબત પીવાથી લાભ થાય છે.

### ખડખડાટ

- વાળ કપાવ્યા, દાઢી કરાવીને હું વાળદને કહ્યું : હું થોડીવાર માં આવું છું, ત્યાં સુધી તમે આ બાબાના વાળ કાપો (એક કલાક પછી) સલૂન વાળો - અરે તારા પપ્પા ક્યાં છે ...?
બાળક : તે મારા પપ્પા નથી, તેઓ મને સલૂન બહાર મળ્યા અને કહ્યું કે, ચાલ આપણે મફત માં વાળ કપાવીયે ...!!

### આજનો વોટ્સએપ

- અતિ પ્રવૃત્તિ અને સંપૂર્ણ નિવૃત્તિ બંને ખતરનાક છે !

# લાલ કિલ્લાનો ઐતિહાસિક મુકદમો લડનાર ગુજરાતી વકીલ કોણ હતા?

**ખજાનો**
**અનિલ પટેલ**



### ગુજરાતનો ઈતિહાસ

૧ ગાંધીજી પર કયા અમેરિકન ચિંતકનો વિશેષ પ્રભાવ પડ્યો હતો?
(અ) રસ્કીન (બ) હેનરી થોરો
(ક) અબ્રાહ્મ લીંકન (ડ) હેનલ કેલર

૨ ગુજરાત રાજયના સૌપ્રથમ મહિલા પ્રધાન કોણ હતા ?
(અ) ઈન્દુમતી શેઠ (બ) હેમાબેન આચાર્ય
(ક) ઈલા ભટ્ટ (ડ) દમયંતિબેન

૩ ગુજરાતમાં સ્વતંત્ર પક્ષના અગ્રણી કોણ હતા ?
(અ) ઠક્કરબાપા (બ) ઈન્દુલાલ યાજ્ઞિક
(ક) ભાઈકાકા (ડ) ગણેશ માવળંકર

૪ ૧૯૪૭માં સ્થપાયેલ આરઝી હકૂમતનું નેતૃત્વ કોણ કરતું હતું ?
(અ) હરિહર ખંભોળજા (બ) વિનોબા ભાવે
(ક) વલ્લભભાઈ પટેલ (ડ) રતુભાઈ અદાણી

૫ અમદાવાદની મશહૂર જુમા મસ્જિદ કોણે બંધાવી હતી ?
(અ) શારજહાં (બ) ઔરંગઝેબે
(ક) અહમદ શાહે (ડ) અકબરે

૬ લાલ કિલ્લાનો ઐતિહાસિક મુકદમો લડનાર ગુજરાતી વકીલ કોણ હતા?
(અ) ભુલાભાઈ દેસાઈ (બ) વિઠ્ઠલભાઈ પટેલ
(ક) વલ્લભભાઈ પટેલ (ડ) ગાંધીજી

૭ શતાવધાની અને સાક્ષાત સરસ્વતીનું બિરુદ કોણે આપવામાં આવ્યું હતું?
(અ) હેમચંદ્રાચાર્ય (બ) વિજયસુરી મહારાજ
(ક) શ્રીમંદ રાજચંદ્ર (ડ) સ્વામી દીવાનંદજી

૮ સદાચાર સમિતિની સ્થાપના કોણે કરી હતી ?
(અ) બળવતંરાય મહેતા (બ) ગુલઝારીલાલ નંદા
(ક) આચાર્ય કૃપલાણી (ડ) ઠક્કરબાપા

૯ મહમદ બેગડાના અંતઃપુરની હરિરે નામની સ્ત્રીએ કઈ વાવ બંધાવી હતી ?
(અ) મોઢેશ્વરી વાવ (બ) અડાલજની વાવ
(ક) કપડવંજની વાવ (ડ) દાદા હરિની વાવ

૧૦ ૧૯૭૮ના અષાઢ સુદ ૨ના રોજ રથયાત્રાની શરુઆત કોણે કરાવી હતી ?
(અ) સંત નૃસિંહદાસજી (બ) દયાનંદ સરસ્વતીએ
(ક) સ્વામી ગોપાલાનંદજી (ડ) સહજાનંદ સ્વામીએ

૧૧ ૧૮૫૦માં અમદાવાદમાં પ્રથમ કન્યાશાળા કોણે શરૂ કરી હતી ?
(અ) રણછોડભાઈ શાહ (બ) અંબાલાલ સારાભાઈ
(ક) હરકુંવર શેઠાણીએ (ડ) ઈન્દુમતી બેને

૧૨ ઈ.સ. ૧૬૬૪ અને ૧૬૭૦માં છત્રપતિ શિવાજી મહારાજે કયા શહેર પર લૂંટ મચાવી હતી ?
(અ) ડભોઈ (બ) સુરત
(ક) ખંભાત (ડ) અમદાવાદ

૧૩ ક્ષાત્ર રાજકુળના રઘુનાથ દાસે વિક્રમ સંવત ૧૭૯૯માં શું બંધાવ્યું હતું ?
(અ) અમૃતવર્ષીણી વાવ (બ) ઝુલતા મિનારા
(ક) ભદ્રનો કિલ્લો (ડ) કાંકરિયા તળાવ

૧૪ ભારતના બિસ્માર્ક તરીકે કોણ ઓળખાય છે ?
(અ) નહેરુ (બ) ગાંધીજી
(ક) સરદાર પટેલ (ડ) મોરારજી દેસાઈ

૧૫ સરદાર પટેલ રાષ્ટ્રીય સ્મારક જે મહેલમાં છે તેનું નામ શું છે?
(અ) શાહજહાં મહેલ (બ) મોતીશાહ મહેલ
(ક) આલમઆરા મહેલ (ડ) મહેલે ખાસ

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૩ જૂન :
  - અમેરિકન બોક્સર અને સમાજસેવી મુહમદ અલીનું ૭૪ વર્ષની વયે અવસાન (૨૦૧૬)
  - તમિલનાડુના પાંચ વખત મુખ્યમંત્રી રહી ચૂકેલા રાજકીય નેતા એમ. કરુણાનીધીનો જનમદિવસ (૧૯૨૪)
  - ઈરાનિયન રાજનેતા રૂહલ્લાહ ખોમેનીનું અવસાન (૧૯૮૯)
  - બ્રહ્મ સ્વરુપ યોગીજી મહારાજનો જન્મદિવસ (૧૮૯૨)
- ૪ જૂન :
  - બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન ફ્રાન્સમાં ડુનડીર્ક ઈવેક્યુએશનનો અંત આવ્યો. ૩ લાખ સૈનિકોને બચાવવામાં આવ્યા. (૧૯૪૦)
  - ગ્રેટ બ્રિટનના રાજા જયોર્જ-૩નો જનમદિવસ (૧૭૩૮)
  - અમેરિકન બાસ્કેટ બોલના કોચ જહોન વુડનનું ૯૯ વર્ષની વયે અવસાન (૨૦૧૦)
  - ગુજરાતી સાહિત્ય પરિષદના સ્થાપક અને સંવર્ધક રમજીતરાય મહેતાનો જનમદિવસ (૧૮૮૨)
- ૫ જૂન : વિશ્વ પર્યાવરણ દિવસ
  - ઈઝરાયેલનું ઈજિપ્ત, સીરીયા અને જોર્ડન સાથે ૬ દિવસનું યુદ્ધ શરુ થયું (૧૯૬૭)
  - મશહુર સ્પેશિસ લેખક ફેડરીકો ગ્રેસીયા લોર્કાનો જનમદિવસ (૧૮૯૮)
  - અમેરિકાના લોસ એજન્લસ ખાતે પાંચ હોમોસેક્યુઅલ લોકોમાં એઈડ્સના લક્ષણો પ્રથમ વાર જોવા મળ્યા. (૧૯૮૧)
  - કેનેડાના સૌથી યુવાન વયે પ્રાઈમ મિનિસ્ટર થયેલ એવા જોય કલાર્કનો જન્મદિવસ (૧૯૩૯)
- ૬ જૂન :
  - મશહૂર સ્પેનિશ ચિત્રકાર ડીગો વેલાઝક્યુઝનું અવસાન (૧૬૬૦)
  - અમેરિકા ખાતે સિક્યુરિટી એન્ડ એક્ઝેન્ચ કમિશનની સ્થાપના થઈ (૧૯૩૪)
  - સ્વીડનના ટેનિસ ખેલાડી બ્રોજ બોર્ગનો જન્મદિવસ (૧૯૫૬)
  - ફિલ્મી ગીતોના સર્જક રાજેન્દ્ર કૃષ્ણનો જન્મદિવસ (૧૯૧૯)
- ૭ જૂન :
  - મશહૂર અમેરિકન સિંગર, મ્યુઝિશિયન અને પ્રોડ્યુસર પ્રિન્સનો જન્મદિવસ (૧૯૫૮)
  - વલ્લભ વિદ્યાનગરના વિદ્યા સંકુલના દષ્ટા ભાઈલાલ પટેલનો જન્મદિવસ (૧૮૮૮)
  - ઈંગ્લીશ સાહિત્યકાર ઈ.એમ. ફોસ્ટરનું ૯૧ વર્ષની વયે અવસાન (૧૯૭૦)
  - ચિત્તોડના મહારાણા પ્રતાપનો જન્મદિવસ (૧૫૩૯)
- ૮ જુન : વર્લ્ડ એશિયન ડે
  - ફવોરેન્સના કેથડ્રલમાં ડેવિડની પ્રતિમા સ્થાપિત કરાઈ (૧૫૦૪)
  - આઝાદીની ચળવળમાં પત્રકાર તરીકે ખ્યાતિ મેળવનાર શામળદાસ ગાંધીનું નિધન (૧૯૫૩)
  - મશહુર અમેરિકન આર્ટીટેક ફ્રેન્ક લોઈડ રાઈટનો જન્મદિવસ (૧૮૬૭)
  - વિશ્વ સમુદ્ર દિવસની ઉજવણી પ્રથમ વખત યુનાઈટેડ નેશન દ્વારા શરૂ કરાઈ (૨૦૦૯)
- ૯ જુન
  - ક્રાંતિકારી ચળવળના પ્રણેતા બિરસા મુંડાનું નિધન (૧૯૦૦)
  - માર્ગારેટ થ્રેચર બીજી વખત બ્રિટનના પ્રાઈમ મિનિસ્ટર બન્યા (૧૯૮૩)
  - રશિયાના રાજા પીટર-૧ (ધ્ર ગ્રેટ)નો જન્મદિવસ (૧૬૭૨)
  - પ્રથમ મહિલા આઈપીએચ કિરણ બેદીનો જન્મદિવસ (૧૯૪૯)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

તાજેતરમાં પંજાબના કયા કોંગ્રેસી નેતા ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા ?

જવાબ : સુનિલ જાખડ

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) ઋજિત રાવલ : સે-૭ (૨) મુળજીભાઈ પરમાર : સે-૭ (૩) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬ (૪) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૫) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૬) જીતેન્દ્ર ધરવાડિયા : સે-૩૦ (૭) નિકુંજ પટેલ : સે-૩ (૮) એન બી ચુડાસમા : સેકટર-૩બીસેકટર-૩બી

**આ સપ્તાહનો સવાલ**

દિલ્હીના કયા મંત્રીની ઈડી દ્વારા આવક કરતાં વધુ સંપત્તિના મામલે ધરપકડ કરાઈ ?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# સફળ થવું છે ? તો 'સફર' (Suffer) સહન કરતા શીખો : સુખી લગ્નજીવનની ચાવી

**હળવે હૈયે**
**પ્રકાશ લાલા**



'આ કોણ ?'

ચોકઠા પરિષદમાં એન્ટ્રી મારતાંની સાથે, લાલાકાકાએ એમના જાડા કાચના ચશ્મામાંથી ઝીણી નજરે એક નવા યુવાન ચહેરાને જોઈને ઈન્કવાયરી કરતો પ્રશ્ન રમતો મૂક્યો.

'લાલાકાકા, આ મારો ભત્રીજો છે સંયમ.' અને પછી મોમાંથી તમાકુ મિશ્રિત મસાલાની પિકચારી મારી 'સેવ અર્થ' ને બદલે 'પેઈન્ટ ' કે 'ડિસ્ટ્રોય અર્થ' કરી, સંકલના લાભાર્થે પૂરક માહિતી પણ આપી : 'સંયમ હમણાં જ એકલામાંથી બેકલો બન્યો છે ! એના આ મેરેજ સિઝનમાં જ લગ્ન થયાં છે....' એની વાઈફને આપણું ગાંધીનગર બતાવવા લઈને અમારે ત્યાં મહેમાન બન્યો છે. આજે એનો કયાંય જવાનો પ્રોગ્રામ નહોતો એટલે એને મારી સાથે આપણી ચોકઠા પરિષદમાં લઈ આવ્યો.

'સારું કર્યું... ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં તમારું સ્વાગત છે.' અંકલે પાટનગરના સત્તાવાર પ્રતિનિધિ કે પ્રવાસન વિભાગના પીઆરઓની માફક જાહેરાતના અંદાજમાં બોલ્યા... અમને સૌને અંકલની આવી મીઠી - સૌમ્ય અદા જોઈ આનંદ સાથે આશ્ચર્ય પણ થયું પણ અમારો એ ભાવ ઝાઝો ટક્યો નહીં કેમ કે બીજી જ ફળે રેડ અંકલે એમનો અસ્સલ રંગ બતાવતા પંચાલભાઈના ભત્રીજા સંયમને લીધો :' અહીં કાકાને ત્યાં આવ્યો તે સારું કર્યું.... જવાન, અલ્યા તાજી પરણેલી વાઈફને લઈને રંગીન લાઈફ માણવા કોઈ સારા ફરવાના સ્થળે, કોઈ હિલ સ્ટેશન પર જવાય ને ! અહીં આંધી વાળા ગાંધીનગરમાં શું આવી ગયો ?'

અંકલે આદત મુજબ એટેક કર્યો પણ સંયમે સંયમમાં ના રહેતા ફટ દઈને કહ્યું : 'વડીલ, અમે નવદંપત્તિ પરણીને તરત હિમાચલ પ્રદેશ હનીમુન પર જઈ આવ્યાં છીએ.... આ તો મારી વાઈફને અહીંનું અક્ષરધામ જોવું હતું અને ભગવાન વગરના મહાત્મા મંદિરની મુલાકાત લેવી હતી એટલે ઘેર પાછા જતાં પહેલાં અમે અહીં ગાંધીનગરમાં કાકા કાકીને ત્યાં આવ્યા છીએ, સમજ્યા ને !'

બેટ્સમેનને બોલ્ડ કરવા ગુગલી બોલ નાખ્યો હોય પણ એ ફોર રન માટે ઝૂડાઈ જાય અને બોલર જેવો ચહેરો થઈ જાય એવો ચહેરો લાલાકાકાનો પોતાના સવાલના પર જવાબથી થઈ ગયો. એ મેં બગાડીને બોલ્યા : 'અચ્છા ? એમ ?'

'હા, બસ, એમ જ !!' સંયમે એમની જ સ્ટાઈલમાં સામે પરખાવ્યું....

પંચાલભાઈને થયું કે કાકા કંઈક બોલશે અને સંયમનું જુવાન લોહી એમને ગમે તેમ જવાબ આપશે કે આડું અવળું સંભળાવશે તો નાહક લાલાકાકા છંછેડાઈ ઊઠશે - વાતનું વતેસર થઈ જશે.. એટલે એમણે વાત બદલતા કહ્યું : 'કાકા, વડીલ તીકે તમે આને આશીર્વાદ આપો કે એ બંનેનું દાંપત્યજીવન સુખી ને સફળ થાય.'

'જી, વડીલ. એક મિનિટ, આ બધા આપને અંકલ - કાકા કહે છે તો મારા તો દાદા - ગ્રાન્ડ પા થયા ને.... હું દાદા કહું તો વાંધો નથી ને? દાદા, અમને આશીર્વાદ આપો....' કુશળ કલાકારની જેમ ખૂબ સંયમ જાળવીને, નમ્રતાપૂર્વક બોલતા આ યુવાનને અમે જોઈ રહ્યા.... અમને સૌને એના માટે માન થઈ આવ્યું.

'જો દીકરા, મારા આશીર્વાદ જ છે કે સદા સુખી રહો... પણ સુખી રહેવા તમારે બંનેએ પરસ્પર એકબીજાને સુખી કરતદા રહેવું પડશે, એકબીજાની હેપ્પીનેશનો ખ્યાલ રાખવો પડશે, સમજ્યો ? અને લગ્નજીવન સફળ બનાવવા માટે તો પતિ તરીકે કાયમ તારે હસતાં મોંએ 'સફર' (Suffer) કરવાનું યાને કે સહન કરતા શીખી જવું પડશે.'

'હેં ?' સંયમ ચમક્યો...

'હા... તમે દંપત્તિ બન્યા, રાઈટ ? દંપત્તિ એટલે જેમાં કાં તો પતિ દ્વારા પત્નીનો અથવા પત્ની દ્વારા પતિનો દમ કાઢવામાં આવે છે તે સંબંધ... જો કે એક સર્વે જણાવે છે કે વિશ્વમાં મોટા ભાગનાં દંપત્તિમાં પતિ જો ગમ ખાતા ના શીખે કે દમ મારતા એને ના આવડે તો પછી પત્ની દ્વારા એનો જ દમ નીકળતો રહે છે....'

'અરે, અંકલ... તુમી કાય સાંગતો ? બિચારા આ જસ્ટ મેરીડ મુલગાને આવું બધું શું કહો છો ?'

સંયમને આપવા માંડેલા લેસન્સ સાંભળીને ગભરાઈ ઊઠેલા કુલકર્ણીજી હિંદી - મરાઠી - અંગ્રેજી - ગુજરાતીની ભેળસેળ સાથે બોલી ઊઠ્યા.

'અલ્યા ભેળસેળિયા ભાષાવાળા, તું ચૂપ રહે... આ છોકરો તાજો પરણેલો છે એટલે જ હું એને લગ્નજીવનની વાસ્તવિકતાથી અવગત કરું છું ને અત્યારથી જ ચેતી જવા, તૈયાર થઈ જવા 'હીંટ' આપું છું. કેમ કે એકવાર ડગ્યો તો પછી ગબડ્યો સમજો.... પછી પાકા ઘટે કાંઠા થોડા ચડે ? ને આમાં તો પહેલો ઘા રાણાનો !!' લાલાકાકા હવે હાર્દિક પંડ્યાની માફક ફૂલ ફોર્મમાં આવી જઈને બેટિંગ ને બોલીંગ કરવામાં લાગ્યા હતા.

'અંકલ....' પંચાલભાઈએ એમને રોકવા ટ્રાય કર્યો પણ એકવાર ટોપ ગિયરમાં ઉપડેલી અંકલની ગાડીને એમ થોડી બ્રેક લાગે ! એમણે તો એમની પાઠશાળા આગળ ચલાવી :

'જો જવાન, કુંવારો પુરુષ અડધો - અધૂરો ગણાય. લગ્ન થાય એટલે એને બેટરહાફ - અર્ધાંગિની મળે એટલે પુરુષ અડધા - અધૂરામાંથી પૂર્ણ થાય છે. એમ હવે તું પૂર્ણ - પૂરો થયો પણ હવે ધ્યાન નહીં રાખે તો અધમૂઓ કે સાવ પૂરો થઈ જતા વાર નહીં લાગે એટલે સંભાળજે...'

અનુસંધાન પાના નં. ૭ પર